CITY પલ્સ

શુક્રવાર ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

લગ્નમાં કસ્ટમાઇઝેશન અને પર્સનલ ટચનો વધતો મહિમા

# બ્રાઈડલ મહેંદી અને લહેંગામાં કપલની યાદગાર પળોનું ચિત્રણ

અત્યારે લગ્નની સિઝન ચાલી રહી છે. લગ્નમાં શામિલ બારતીઓની નઝર સૌથી વધારે ટકેલી હોય દુલ્હન પર. તેનો ખૂબસૂરત બ્રાઈડલ વેઅર, તેનો મેકઅપ, તેની મહેંદી. હવે તો લગ્ન ભવ્યથીભવ્ય બનાવવા માટે કોઈ કચાશ છોડવામાં નથી આવતી. અત્યારની યંગ જનરેશન પોતાના વેડિંગમાં લાગણીની સ્પર્શ પણ ઉમેરતી હોય છે. લગ્નના કસ્ટમાઈઝડ પોશાકની સાથે હવે કસ્ટમાઈઝડ મહેંદી પણ ટ્રેન્ડિંગ બની છે. મહેંદીની ડિઝાઈનમાં પણ પર્સનલ સ્પર્શ ઉમેરવાનો આ ટ્રેન્ડ છેલ્લાં દોઢ બે વર્ષથી છે. બ્રાઈડલ મહેંદીમાં એવું તો શું અનુભવ કરવવામાં આવે છે કે, જેને કારણે તે દુલ્હા અને દુલ્હનને લાગણીના સ્પર્શનો અનુભવ કરાવે છે? તેના વિશે આપણે જાણીએ...








## બ્રાઇડલ વેઅરમાં પહેલી મુલાકાતથી લઈને માંગમાં સિંદૂર ભર્યું તેની સફર બતાવી

બ્રાઈડ વિશ્વા પટેલ માટે જે કસ્ટમાઈઝડ લેંઘો (સ્કર્ટ) તૈયાર કરાયો હતો. તેમાં બ્રાઈડ અને ગ્રૂમની ફર્સ્ટ મુલાકાતથી લઈને તેમના કોર્ટ મેરેજ અને બ્રાઈડના માંગમાં દુલ્હાએ સિંદૂર ભર્યું તે તમામ ક્ષણોને ચિત્રના સ્વરૂપમાં કંડારવામાં આવી છે. પેઈન્ટિંગ આર્ટિસ્ટ ગીતા વ્યાસે આ કસ્ટમાઈઝડ લેંઘો તૈયાર કર્યો હતો.12 કળીના આ લેંઘામાં દરેક કળીમાં દુલ્હા દુલ્હનની એક એક મુવમેન્ટ કેપ્ચર કરવામાં આવી હતી. વિશ્વા અને તેના હસબન્ડની ફર્સ્ટ મુલાકાત કાફેમાં થઈ તે, બંનેએ એકબીજાને પસંદ કર્યા કારમાં કોફી પીતા પીતા લગ્ન માટે રાજી થયા તે ક્ષણ, પછી ગોળધાણા, જશની બર્થડે, વિશ્વાની 25મી બર્થડે, બંનેના એન્ગેજમેન્ટ થયા તે, સાથે દિવાળી સેલિબ્રેશન કર્યું તે, બંને બાર્સીલોના ફૂટબોલ સ્ટેડિયમ ગયા તે, હોળી ધૂળેટીનું સેલિબ્રેશન, ફેમિલી USA ગયું, નાસિક ગયા ત્યાં મંદિરનું ચિત્ર, કોર્ટ મેરેજ કર્યા તે અને બ્રાઈડના માંગમાં સિંદૂર ભર્યું તે બધી જ યાદગાર મુવમેન્ટ વાઈન કલરના લેંઘામાં ચિત્ર રૂપે યાદગાર બનાવવામાં આવી. લેંઘાની બોર્ડર પર 4 કિલો ચાંદીની ઘૂઘરી લગાવવામાં આવી. કેમકે બ્રાઈડ અને તેની મમ્મીની ઈચ્છા હતી કે મમ્મીનું કોઈ એલિમેન્ટ આ લેંઘામાં હોય એટલે બ્રાઈડની મમ્મીની ચાંદીની જવેલરીમાંથી આ ઘૂઘરીઓ તૈયાર કરવામાં આવી હતી.

## ફર્સ્ટ મુલાકાતની ડેટ અને પ્લેસ બતાવ્યા છે મહેંદીમાં





મહેંદી આર્ટિસ્ટ સ્વીટી ડોબીવાલાએ જણાવ્યું કે, લગ્નના બંધનમાં બંધાઈ રહેલું કપલ લગ્ન પહેલાં કઈ તારીખે અને કયા પ્લેસ પર ફર્સ્ટ ટાઈમ મળ્યું હતું તે બ્રાઈડલ કસ્ટમાઈઝડ મહેંદીમાં બતાવાય છે. જેમકે, 2025ના વર્ષમાં માર્ચમાં મળ્યા હોય તો તે તારીખ અને કાફેમાં મળ્યા હોય તો કાફેમાં યુવક યુવતી કોફીની ચૂસકી લેતાં હોય તેવી ડિઝાઈન કરાય છે. દુલ્હા અને દુલ્હનનું કાર્ટૂન કેરીકેચર પણ આવી બ્રાઈડલ મહેંદીમાં હોય છે. જો તેઓ ફર્સ્ટ ટાઈમ સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ પર મળ્યા હોય તો મહેંદીમાં ક્રિકેટ કે ફૂટબોલનું ગ્રાઉન્ડ પણ મહેંદીથી હથેળી પર બનાવાય છે. દુલ્હા દુલ્હનના ફોટા પણ મહેંદીમાં મુકાય છે. દુલ્હન મહેંદીમાં પોતાના પેટ્સના ચિત્ર પણ કરાવે છે. સુરતમાં 20થી 27-28 વર્ષની દુલ્હનમાં આવી કસ્ટમાઈઝડ મહેંદી બનાવવાનો ટ્રેન્ડ છેલ્લાં દોઢ-બે વર્ષથી છે.



## કસ્ટમાઇઝડ બ્રાઇડલ નેઈલ આર્ટમાં પણ દુલ્હા દુલ્હનના માઈક્રો પીક હોય





નેઈલ આર્ટિસ્ટ ઉન્નતિ પટેલે જણાવ્યું કે હવે મેરેજમાં દુલ્હનનો લુક સૌથી અલગ, ખાસ અને પરફેક્ટ દેખાય તે માટે અને તેના મેરેજની એક એક ક્ષણ યાદગાર બની રહે તે માટે તે કસ્ટમાઈઝડ નેઈલ આર્ટ કરાવે છે. તેમાં દુલ્હા દુલ્હનના માઈક્રો ફોટો હોય, દુલ્હા દુલ્હનનું ચિત્ર હોય કે પછી બંનેના નામ હોય. હવે તો લગ્નના દરેક ફંક્શન જેમકે, મહેંદી, હલ્દી, સંગીત નાઈટ પ્રમાણેના નેઈલ આર્ટ કરાતા હોય છે. આ ઉપરાંત બ્રાઈડના લગ્નના જે લેંઘા, ચોલી હોય તેના કલરને મેચ થાય તે કલરમાં પણ નેઈલ આર્ટ થાય છે.








## મમ્મી-પપ્પાની ઈચ્છા હતી એટલે વેડિંગ ઇન્વીટેશન કાર્ડમાં અમારા કપલના ફોટા એડ કરાવ્યા

જુલી વઘાસિયાએ જણાવ્યું કે, મેં કસ્ટમાઈઝડ મહેંદી પણ કરાવી હતી અને વેડિંગ ઈન્વીટેશન કાર્ડમાં પણ મારા અને મારા હસબન્ડ ઋષિશના ફોટા એડ કરાવી કસ્ટમાઈઝડ કંકોત્રી બનાવી હતી. આવું વેડિંગ કાર્ડ બનાવ્યું તે પાછળનો ઉદ્દેશ્ય એ પણ હતો કે આવો ટ્રેન્ડ પણ છે અને મારા મમ્મી પપ્પાની ઈચ્છા પણ હતી કે અમારા કપલનો ફોટો એડ કરવામાં આવે. અમારી એન્ગેજમેન્ટનું કાર્ડ પણ કસ્ટમાઈઝડ બનાવાયુ હતું. એમાં પણ અમારા કપલ ફોટા મુકાયા હતાં. મારી મહેંદીમાં એક હાથ પર અમે દુલ્હા દુલ્હનનું ચિત્ર અને બીજા હાથ પર મારા મમ્મી-પપ્પા અને મારા ભાઈનું ચિત્ર દોરાયું હતું.





## બે-ત્રણ વર્ષથી આવો ટ્રેન્ડ છે

પહેલા લગ્નની બધી તૈયારીઓ પેરેન્ટ્સ કરતા. દુલ્હા દુલ્હનને મંડપમાં જઈને બેસવાનું રહેતું. એ ચિત્ર હવે બદલાયું છે. દુલ્હા દુલ્હન પણ પોતાના મેરેજમાં એક્ટિવલી પાર્ટ લેતાં થયા છે અને તેને લાગણીનો સ્પર્શ આપવા લાગ્યા છે. લગ્નની જે જે વિધિઓ એન્જોય કરી હોય લગ્ન પહેલાં જે અનુભવો કર્યા હોય તેને બ્રાઈડ પોતાના કપડામાં, પોતાની મહેંદીમાં જોડીને લગ્ન પ્રસંગની દરેક મુવમેન્ટને જીવનભરનું સંભારણું બનાવી દે છે. હવે તો દુલ્હન પોતાના કસ્ટમાઈઝડ બ્રાઈડલ વેરને એક ફ્રેમમાં જડી ને તેને પોતાના ઘરમાં શૉ થાય તે રીતે મૂકે છે.

---




બેક ટુ સ્કૂલ


# ફરી પોતાની સ્કૂલમાં ભેગા થઈ મેમરીઝ રિક્રિએટ કરતાં જુના ક્લાસમેટ્સ

બાળક સમજદાર થાય ત્યારે એના જીવનમાં મિત્રો બનાવવાની શરૂઆત સ્કૂલથી થાય છે, અને એ મિત્રો સાથેની યાદો મગજની પાટી પર કાયમ માટે અંકિત થઈ જતી હોય છે. જેમણે સ્કૂલ છોડયાને 15-20 વર્ષ કે 40-45 વર્ષ થયાં છે તેઓને ક્યારેક ક્યારેક એવું થઈ જતું હોય છે કે, ફરી સ્કૂલમાં જઈએ એ નિર્દોષ મજાક મસ્તી, તોફાન એકવાર ફરી કરીને સ્કૂલની ઇમારતને ગજવી દઈએ. સોશ્યલ મીડિયાનો જમાનો આવ્યો અને એ સ્કૂલ સમયના પાછળ છૂટી ગયેલા મિત્રો ફરી એકમેકના સંપર્કમાં આવવા લાગ્યા અને પછી સ્કૂલ ડેઝની મેમરી રીક્રિએટ કરવાનો ટ્રેન્ડ આવ્યો. 30-35 વર્ષના કે 50-60 વર્ષના થઈ ચૂકેલા ફિમેલ્સ અને મેલ પોતાના સ્કૂલના મિત્રો સાથે ફરી એકવાર સ્કૂલમાં ધમાચકડી મચાવવા પહોંચી જાય છે અને એ સમયે કઈ રીતે ભણતા, શું કસરતો કરતા, ટીચર્સ દ્વારા સજાના ભાગરૂપે હથેળી પર મારવામાં આવતા ડસ્ટર, ફૂટપટ્ટીના સીન ફરી ભજવી મેમરી રીક્રિએટ કરવામાં આવી રહી છે. જૂના સ્ટુડન્ટ્સ ફરી સ્કૂલમાં પહોંચે ત્યારે તેઓ કેવી ભાવુક ક્ષણો અનુભવે છે, સ્કૂલમાં ફરી પગ મૂકી કઈ યાદો તાજી કરાય છે, તેના વિશે જાણીએ...



## પી.ટી. ના ટીચર જે એક્સરસાઇઝ કરાવતા તે ફરી મેદાન પર કરીને યાદો તાજા કરે

પહેલા સ્કૂલના ગ્રાઉન્ડ પર પી.ટી. ટીચર કેટલીક એક્સરસાઇઝ અઠવાડિયામાં એકાદ બે વખત કરાવતા. જૂના સ્ટુડન્ટ્સ પોતાના ગ્રુપ સાથે ફરી સ્કૂલમાં પગ મૂકે છે ત્યારે પ્લેગ્રાઉન્ડ પર એ સમયની એક્સરસાઇઝ કરી જૂની યાદોને રિક્રિએટ કરે છે. આવા ગ્રુપ સ્કૂલમાં પ્રવેશતા જ સ્કૂલના પગથિયાને નમન કરે છે. ટીચર જે રીતે હથેળી પર ડસ્ટર કે ફૂટપટ્ટી મારતા તે સીન પણ રિક્રિએટ કરે છે.



## સ્કૂલના પ્લેગ્રાઉન્ડ પર ખો-ખો રમ્યા, કલાસમાં ચોપડા ખોલીને બેઠા

પાર્થ ભટ્ટે જણાવ્યું કે 2012 સુધીનો સમય સ્કૂલ ટાઈમ હતો. તે સમયના મારા કલાસમેટ જેમાં 7થી 8 ગર્લ્સ અને 20 જેટલાં અમે બોયઝ તથા ઘણા જૂના સ્ટુડન્ટ્સ 2024માં ફરી સ્કૂલમાં ભેગા થયા હતાં. જે કલાસમાં ભણતાં હતાં ત્યાં બુક્સ ખોલીને બેઠા અને કલાસરૂમમાં જે તોફાન કરતા તે મેમરી રિક્રિએટ કરી. અમે ફ્રેન્ડ્સ તો પ્લેગ્રાઉન્ડ પર વધારે રહેતા તો હવે જ્યારે મળ્યા ત્યારે ક્રિકેટ, ખો-ખો, કબડ્ડી રમ્યા હતા. એ સમયે પીપરમિન્ટ, લોલીપોપ, બુમર આવી ચોકલેટ્સ ઉપરાંત ચણી બોર, કોઠું, આંબલીનો ટેસ્ટ પણ લીધો હતો. સ્કૂલના મિત્રો કોઈ દિવસ નથી ભુલાતા પણ મોટા થયા બાદ કરીયર, પરિવારની જવાબદારીમાં સ્કૂલના મિત્રોને મળી નથી શકાતું એટલે અમે ભેગા થઈ સ્કૂલના એ ડેઝની મેમરી રિક્રિએટ કરી હતી.

## સ્કૂલની લાઈબ્રેરી કે હાલના વિદ્યાર્થીઓને મદદ કરવા ડોનેશન આપે છે

20-25 વર્ષ પહેલાં સ્કૂલનું જે સ્ટ્રક્ચર હતું તે તો હવે બદલાઈ ગયું હોય. જુના વિદ્યાર્થીઓને પોતાની સ્કૂલ માટે લાગણી હોય છે. તેઓ સ્કૂલની લાઇબ્રેરીમાં પુસ્તકો માટે કે જર્જરિત થઈ ચૂકેલા કલાસરૂમ માટે ડોનેશન આપી સ્કૂલને આર્થિક રીતે મદદગાર બને છે.



## કલાસ રૂમમાં સેલ્ફી પોઇન્ટ બનાવી જૂની મેમરીને રિક્રિએટ કરી



60 વર્ષના ભાવનાબેન પટેલે જણાવ્યું કે હું કોટ વિસ્તારની એક ગર્લ્સ સ્કૂલમાં 1982 સુધી ભણી હતી. 2023માં મારી ખાસ 10થી 12 ફ્રેન્ડ્સ તથા સ્કૂલની અન્ય સ્ટુડન્ટ્સ ફરી સ્કૂલમાં ભેગા થયા હતા. દરેક કલાસરૂમને સેલ્ફી પોઇન્ટ બનાવ્યો હતો. જે કલાસમાં ભણતા હતા ત્યાં બેન્ચ પર જઈને બેઠા અને સ્કૂલમાં કેવી મજાક મસ્તી કરતા તે યાદોને રિક્રિએટ કરી. સ્કૂલમાં તે સમયે જે બેલ હતો તેવો બેલ અમે લઈ આવી તે વગાડયો હતો હતો. ત્યારે કમરખ, બોર, આંબલીની એક લારી રહેતી તેવી લારી સ્કૂલમાં મુકાવી હતી. આ ઉપરાંત સ્કૂલની બહાર રસ્સાવાળા ખમણ મળતા તેવા ખમણની ડિશની વ્યવસ્થા પણ કરી હતી.

